જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૩/૧૫**

**નોટો નુ બંડલ બતાવી દાગીના પડાવતા એક ઈસમને પકડતી ક્રાઈમબ્રાન્ચ.**

અમદાવાદ શહેર માં ઉપર નીચે અસલ નોટો રાખી વચ્ચે કાગળો મુકી નોટો નુ બંડલ બતાવી દાગીના તથા રોકડ રકમ પડાવતા હોવા અંગેના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૨૫/૧૧/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે નરોડા ગેલેક્ષી સિનેમા પાસે રોડ ઉપર સુરજ ભીમાભાઇ પરમાર [મારવાડી] ઉ.વ. ૨૪ રહે. ભીલવાસ કોતરપુર જોગણીમાતાના મંદીર આગળ સરદારનગર અમદાવાદ નાને તેના કબજાની સોનાની વીંટીં નંગ-૧ કિ.રુ. ૫૦૦૦/- ની તથા સોંના ની બુટ્ટી નંગ.૨ કિ.રૂ ૬૦૦૦/ નીગણી જે કુલ્લે કિ. રુ.૧૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ જેઓના કબ્જાનો આ મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આરોપી અગાઉ નરોડા પો.સ્ટે ના ઉપર નીચે અસલ નોટો રાખી વચ્ચે કાગળો મુકી નોટો નુ બંડલ બતાવી દાગીના તથા રોકડ રકમ પડાવતા હોવા અંગેના ગુના માં પકડાયેલ છે આરોપી પોતાના મિત્ર મનોજ રમેશભાઇ મારવાડી રહે, હાલ અજમેર રાજસ્થાન નાની સાથે મળી એક થેલી માં રૂ ૧૦૦ ની નોટ ઉપર નીચે મુકી વચ્ચે કાગળો મુકી લોકો ને આ બંડલ બતાવી મારા શેઠે મને પૈસા આપ્યા વગર કાઢી મુકતા ગામડે જવાના પૈસા નથી આપ્યા જેથી શેઠ નો સામાન લઈ આવતો રહેલ છુ તેમ કહેતા સાથે નો મનોજ આવી થેલી માં જોતા બીજા વ્યક્તિ ને બાજુ માં લઈ જઈ આ પૈસા નુ બંડલ બતાવી દાગીના તેમજ પૈસા ની અપાવતા પૈસા અથવા દાગીના લઈ ફરાર થઇ જતા હતા આવી રીતે અમદાવાદ શહેર માં તેમજ બાવળા સરખેજ કડી કલોલ ચાંદખેડા વિગેરે જગ્યા એ આવી રીતે ૨૫ જેટલા ગુના કર્યા અંગે ની કબુલાત કરતો હોય પકડાયેલ આરોપી એ આવી રીતે ગોમતીપુર સુધોધન સોસાયટી માંથી પોતાના મિત્ર મનોજ સાથે ઉપર નીચે અસલ નોટો રાખી વચ્ચે કાગળો મુકી નોટો નુ બંડલ બતાવી દાગીના એકભાઇ પાસે થી તેની માતા ના દાગીના જેમાં એક સોના ની વીંટી તથા બુટ્ટી હતી તે લઈ ભાંગી ગયેલાનુ અને આ મુદ્દામાલ લઈ વેચવા જતા ઉપરોક્ત જગ્યા એ થી પકડાઈ ગયેલ છે

આમ, આરોપીની પુછપરછ કરી આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)